# <u>પ્રેસ નોટ</u>

## પોલીસ હેડ ક્વાર્ટર શાહીબાગ ખાતે પોલીસ પરિવારની મહિલાઓ સ્વનિર્ભર બને તે માટે મફત બ્યુટીપાર્લર કોર્ષની તાલીમનું આયોજન કરવા બાબત

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ પરિવારની મહિલાઓ/બહેનો આર્થિક રીતે સક્ષમ અને સ્વનિર્ભર બને તે હેતુથી શ્રી ડૉ. કાનન એમ. દેસાઇ, નાયબ પોલીસ કમિશ્નનર, મુખ્ય મથક, અમદાવાદ શહેર નાઓની અધ્યક્ષતામાં તા-૧૨/૦૯/૨૦૨૨ થી તા.૧૭/૦૯/૨૦૨૨ સુધી (દિન-૦૬) માટે પોલીસ કોમ્યુનિટી હોલ, શાહીબાગ, પોલીસ મુખ્ય મથક, અમદાવાદ શહેર ખાતે સ્વૈચ્છિક બ્યુટી પાર્લર કોર્સના ફ્રી સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે જે શીખવા માટે જરૂરી તમામ સાધન-સામગ્રી **“Praruna Foundation”**, અમદાવાદ દ્વારા ફ્રીમાં આપવામાં આવશે જે બ્યુટીપાર્લરનો કોર્ષ શીખીને પોલીસ પરિવારની મહિલા/બહેનો પોતે કામ કરી સ્વ-નિર્ભર બને તે માટે મે.પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવશે.

જેમાં પોલીસ પરિવારની આશરે-૨૦૦ + મહિલાઓ ભાગ લેનાર છે. સદર કોર્ષના સેમિનારનું યોગ્ય અને સંપૂર્ણ માર્ગદર્શન **“Praruna Foundation”**,અમદાવાદ નાઓની ટીમ તરફથી આપવામાં આવશે. આ સેમિનારના આયોજનની પોલીસ અધિકારીશ્રી/કર્મચારીઓ તથા પોલીસ પરિવારની મહિલાઓ તરફથી ખુબ સરાહના કરવામાં આવી.

**(ડૉ.કાનન એમ. દેસાઇ)**
નાયબ પોલીસ કમિશનર,
મુખ્ય મથક, અમદાવાદ શહેર.